ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર - ૯, ગાંધીધામ - કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૨૩/૦૧/૨૦૨૬

## "અખબારી યાદી"

### ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા PM SVANidhi યોજના હેઠળ લાભાર્થીઓને લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડના શુભારંભ કાર્યક્રમ યોજાયો....

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશ્નર શ્રીમનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ તારીખ:૨૩/૦૧/૨૦૨૬ના રોજ ભારત સરકારની PM SVANidhi યોજના અન્વયે લાભાર્થીઓને લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડ શુભ આરંભ તેમજ માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને તીરૂવનંતપુરમ કેરળ ખાતે યોજનાર કાર્યક્રમનું લાઇવ પ્રસારણ કાર્યક્રમનું આયોજન શ્રી અગ્રસેન ભવન ગાંધીધામ ખાતે રાખવામાં આવેલ,

કાર્યક્રમમાં ગાંધીધામ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિશિપલ કમિશ્નર શ્રીસંજ્યકુમાર રામાનુજ, બેંક
મેનેજરશ્રીઓ તેમજ ગાંધીધામ મહાનગરપાલિકાના સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં લાભાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા,

PM SVANidhi યોજના હેઠળ કુલ-૧૮ લાભર્થીઓને કુલ,રૂ,૬,૦૫૦૦૦/-ની લોનસહાય મંજુરી પત્ર સ્ટેજ પરથી આપવામાં આવેલ, તેમજ ક્રેડિટ કાર્ડ મેનેજર શ્રીવિજયભાઇ હડિયા દ્વારા લાભાર્થીઓને રૂ.૩૦૦૦૦/- ના કેશ ક્રેડિટ કાર્ડ વિશે માહિતગાર કરવામાં આવેલ, તેમજ યોજનાકિય માહિતી ગાંધીધામ મહાનગરપાલિકાના મેનેજર શ્રીમતિ વિમલબેન હેરમા દ્વારા આપવામાં આવેલ, ત્યારબાદ માન.વડાપ્રધાનશ્રી ના અધ્યક્ષ સ્થાને તીરૂવનંતપુરમ કેરળ ખાતે યોજનાર કાર્યક્રમનું લાઇવ પ્રસારણ નિહાળવામાં આવેલ.

આ સાથે ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારના તમામ નોંધાયેલ શહેરી શેરી ફેરિયાઓ PM SVANidhi યોજનાનો વધુ માં વધુ લાભ લેવા ગાંધીધામ મહાનગરપાલિકાના યુ.સી.ડી.-વિભાગ રૂમનં-૭નો સંપર્ક કરવા ગાંધીધામ મહાનગરપાલિકાની અખબારયાદિમાં જણાવવામાં આવે છે.

જનસંપર્ક અધિકારી